**<u>નર્મદાનાં મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.રાજપીપળા.</u>**

**::– <u>સ્પે.દિ.મુ.નં. ૨૬/૨૦૧૫ નાં કામે આંક–૧૨૧ લગત હુકમ</u> –::**

૧) આ કામે પ્રતિવાદી નં.૧ નાએ સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો રદ કરવા હાલની અરજી આપી એવી અરજ કરેલ છે કે, વાદીનાં દાવાને Securitisation Act ની કલમ–૩૪ તથા ૩૫ નો બાધ નડે છે.વાદીએ Debts Recovery Tribunal (D.R.T.) સમક્ષ કલમ–૧૭ તથા ૧૮ મુજબ અરજી ગુજારેલ હતી.પરંતુ વાદીની તરફેણમાં કોઈ હુકમ થયેલ નથી.અને Securitisation Act ની કલમ–૩૪ તથા ૩૫ માં સીવીલ કોર્ટનો બાધ રાખેલ હોય જેથી વાદીના દાવાને ચલાવવાની સીવીલ કોર્ટ ને કોઈ સત્તા પહોંચતી નથી.જેથી વાદીની દાવા અરજી સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ અન્વયે નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૨) પ્રતિવાદીની હાલની અરજી સામે વાદી તરફે આંક–૧૨૫ થી જવાબ વાંધાઓ રજુ કરવામા આવેલ છે, જેમા વાદી તેમની દાવા અરજીમાં જણાવેલ હકીકતો ને વળગી રહેલ છે અને પ્રતિવાદીની અરજીની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,દાવા અરજીમાં પ્રતિવાદીઓએ કેવી રીતે વાદી સાથે ફ્રોડ કરેલ છે તે તમામ હકીકતો જણાવી દાદ માંગેલ છે.જેથી દાવો સાંભળવા કે તેના ઉપર નિર્ણય કરવા Securitisation Act હેઠળની ટ્રીબ્યુનલ (ડી.આર.ટી.)ને કોઈ હકુમત પ્રાપ્ત થતી નથી. વધુમાં જણાવેલ છે કે,પ્રતિવાદીઓ વચ્ચેનાં વ્યવહારમાં વાદી પક્ષકાર ન હતા જેથી સદર વ્યવહાર બાબતનાં ડેકલેરેશન તથા અન્ય દાદ માટે ફકત ને ફકત સીવીલ કોર્ટને હકુમત છે.તેમજ ખુદ Debts Recovery Appellate Tribunal (D.R.T.) એ પણ પોતાના જજમેન્ટમાં વાદીએ પ્રતિવાદી નં.૨ તથા ૩ સામે કરેલ દાવાઓ સ્પે.મુ.નં.૩૭/૨૦૧૧,૩૮/ ૨૦૧૧ તથા ૩૯/૨૦૧૧ નો ઉલ્લેખ કરેલ છે અને જજમેન્ટમાં એમ પણ જણાવેલ છે કે '' આ મુદાનો નિર્ણય કરવા ફકત સીવીલ કોર્ટને હકુમત છે.'' જે હકીકત પ્રતિવાદીઓ એ છુપાવેલ છે.આમ પ્રતિવાદીઓ નામ.કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી.આ કામના

પ્રતિવાદીઓએ તેમની વચ્ચે જે કોઈ વ્યવહારો કરેલા છે કે થયેલા છે તે મિલકત નામ.કોર્ટની હકુમતમાં આવેલ છે.આમ વિગેરે હકીકતો જણાવી પ્રતિવાદીની હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૩) ત્યારબાદ સદર કામે બંને પક્ષકારો તરફે મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી જે.કે.પંડયાએ દલીલ કરતા જણાવેલ છે કે, વાદીએ Securitisation Act અન્વયે જરૂરી કાર્યવાહી કરેલ છે પરંતુ તેમા વાદીને કોઈ રાહત મળેલ નથી.તેમજ વાદીને કોઈપણ તકરાર હોય તો તેઓએ ડી.આર.ટી. સમક્ષ જવુ પડે અને વાદી ડી.આર.ટી.સમક્ષ ગયેલ છે પરંતુ તેમા વાદીને કોઈ રાહત મળેલ નથી.Securitisation Act ની કલમ ૩૪ તથા ૩૫ માં સીવીલ કોર્ટની જયુરીડીકશનનો બાધ રાખેલ છે અને હાલના કામે પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ પાસેથી લોન મેળવેલ છે અને દાવાવાળી મિલકત સીકયોરડ એસેટ છે.જેથી વાદીનો દાવો ચલાવવાની સત્તા સીવીલ કોર્ટને પહોંચતી ન હોય જેથી વાદીનો દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈ મુજબ રદ કરવા રજુઆત છે.

જયારે વાદી તરફે વિ.વ.શ્રી એસ.કે.જોષીએ રજુઆત કરતા જણાવેલ છે કે, વાદીએ હાલનો દાવો પ્રતિવાદી નં.૩ નાએ ફ્રોડ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લઈ અને તે વેચાણ દસ્તાવેજના આધારે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ ને તારણમાં મુકેલ છે તેથી તે રદ કરવા માટે અલગ અલગ કાર્યવાહી કરેલ છે.આ કામના પ્રતિવાદી નં.૩ નાઓ સામે ફોજદારી રાહે તથા દિવાની રાહે કરવામાં આવેલ કાર્યવાહી પેન્ડિંગ છે.અને ફ્રોડ થયેલ છે કે કેમ ? તેનો ન્યાયીક નિર્ણય કરવાની સત્તા માત્ર ને માત્ર સીવીલ કોર્ટને રહેલ છે. ડી.આર.ટી. તે બાબતે કોઈ કાર્યવાહી કરી શકે નહી.ફ્રોડ અંગે ન્યાયીક નિર્ણય કરવાની સત્ત ડી.આર.ટી.ને નથી.ડી.આર.ટી.એ પણ પોતાના હુકમમાં સીવીલ કોર્ટને સતતા રહેલાનો ઉલ્લેખ કરેલ છે.જેથી ફ્રોડ સંબંધેની કાર્યવાહી કરવાની સત્તા માત્ર ને માત્ર સીવીલ કોર્ટને રહેલ હોય વાદીના દાવાને સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈનો બાધ નડતો ન હોય જેથી પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહિત નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૪) અરજી તથા રેકર્ડ વંચાણે લીધું.બંને પક્ષોને સાંભળ્યા.

ઉપરોકત રજુઆત તથા કેસ રેકર્ડ ધ્યાને લેતાં તેમજ કાયદાની જોગવાઈ ધ્યાને લેતા કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે,જયારે સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ ની અરજીનો ન્યાયીક નિર્ણય કરવાનો હોય ત્યારે માત્ર વાદી તરફે રજુ થયેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ જ ધ્યાને લેવા જોઈએ.આ કામના પ્રતિવાદી નં.૧ નાએ Securitisation Act ની કલમ–૩૪ તથા ૩૫ નો બાધ લીધેલ છે.ત્યારે Securitisation Act ની કલમ–૩૪ તથા ૩૫ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

***<u>SECTION 34 : Civil Court not to have Jurisdiction</u>*** *:-*

*No Civil Court Shall have jurisdiction to entertain any suit or proceeding in respect of any matter which a Debts Recovery Tribunal or the Appellate Tribunal is empowered by or under this Act to determine and no injunction shall be granted by any Court or Other authority in respect of any action taken or to be taken in pursuance of any power conferred by or under this Act of under the Recovery of Debts Due to Banks and Financial Institutions Act, 1993(51 of 1993).*

***<u>SECTION 35 : The Provisions of this Act override other laws :-</u>***

*The provisions of this Act shall have effect, notwithstanding anything inconsistent therewith contained in any other Law for the time being in force or any instrument having effect by virtue of any such Law.*

૫) ઉપરોકત કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં કલમ–૩૪ થી Securitisation Act અથવા Recovery of Debts Due to Banks and Financial Institutions Act, 1993 અન્વયે કાર્યવાહી કરવાની હોય તે સંબંધેની કાર્યવાહી સામે સીવીલ કોર્ટની સત્તાને બાધ કરેલ છે અને કોઈપણ સીવીલ કોર્ટ આ અંગે મનાઈહુકમ ફરમાવી શકે નહી કે તે બાબતે કાર્યવાહી કરી શકે નહી તેવી જોગવાઈ કરવામા આવેલ

છે.પરંતુ હાલનાં કામે વાદીની જે આંક–૧ ની દાવા અરજી છે તેનું પક્ષનિવેદન ઘ્યાને લેતાં તેમા વાદીએ એવી હકીકત જણાવેલ છે કે આ કામના પ્રતિવાદી નં.૩ નાને સને–૨૦૦૮ માં એડી.ડાયરેકટર પદેથી છુટા કરવામાં આવેલ છે અને તે બાબતે તેઓને રજી.એ.ડી.થી પત્ર લખી જાણ પણ કરવામાં આવેલ છે.તેમ છતા પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ પાસેથી લોન લીધેલ છે અને પ્રતિવાદી નં.૩ નાએ વેચાણ દસ્તાવેજ દાવાવાળી મિલકત સંબંધેનો કરાવી લીધેલ અને તેના આધારે દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.૧ પાસે તારણમાં મુકેલ છે.આમ પ્રતિવાદી નં.૩ નાએ વાદી સાથે ફ્રોડ કરી દાવાવાળી મિલકત ટ્રાન્સફર કરેલ છે અને તેના આધારે પ્રતિ.નં.૧ બેંકમાંથી લોન લીધેલાની હકીકત અંગે વાદીએ દાવા અરજીમાં સ્પષ્ટ પક્ષનિવેદન કરેલ છે.આમ વાદી સ્પષ્ટપણે પોતાનો કેસ લાવીને એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી મિલકત સાથે ફ્રોડ કરીને ''ચાકીમા ફીલ્ટર્સ પ્રા.લી.''નાં નામે કરાવી લોન લેવામાં આવેલ છે.

૬) સદર કામે વાદી તરફે નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.હાઈકોર્ટનાં ચુકાદા રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે.જે પૈકી વાદીએ નામ.Gauhati High Court, Civil-2015(3) Page No.215 ની ઓથોરીટી રજુ કરેલ છે.જેની હેડ નોટમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

*Code of Civil Procedure,1908, Section 9,Order VII,Rule 11, Recovery of Debts Due to Banks and Financial Institution Act, 1993, Section 17,18,20 and Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act,2002,Section 34----Title suit----Jurisdiction of Civil Court----Bar under RDDBFI Act----Plaintiff prayed for decree of declaration that sale deed executed by defendant No.3 in favour of defendant No.2/ Bank and consequent certificate issued by DRT in favour of petitioner/defendant No.8 were all fraudulent, null and void ab initio----However, defendant No.8/petitioner raised objection contending that plaintiff was at liberty to file an appeal before Appellate Tribunal as such the suit was not maintainable in view of*

*specifie bar under the RDDBFI Act---Existence of fraudulent act can override the bar imposed under Section 34 of SARFAESI Act----There is no reason as to why the same could not be applicable to bar under Section 18 of the RDDBFI Act as well---- Vendor of plaintiff purchased the suit land from 'G' original owner vide sale deed dated 4-6-1967---- plaintiff purchased suit land vide regd. sale deed on 9-3-2007---- However, defendant No.1 claimed to have purchased suit land on 16-7-1983 from son of original owner, 'G'----Thus, 'G' had exhausted his title by sale in 1967 and son of 'G' could not have been left with any title to suit land on the date of sale to defendant No.1----on the pleadings made by plaintiff, a primafacie case of fraud had been made out by plaintiff against purported mortgage by the defendant No.1 in favour of defendant No.2/Bank----Therefore, suit filed by plaintiff could not be said to be barred under Section 18 of RDDBFI Act----There shall be oral and documentary evidence by both sides to prove and disprove respective allegations of fraud----Same would warrant interrogatories as well as examinations and cross examinations of witnesses----Considering the nature, power and jurisdiction of DRT, it did not appear that allegations of the nature mentioned in the plaint could be decided by DRT----it could be decided by the Civil Court only----No question of preferring an appeal by the plaintiff before the DRAT against the judgment of DRT----Because the plaintiff was not made a party of the proceedings by the Bank before DRT---- Facts stated in the plaint nowhere were brought on record in the proceedings before DRT---- plaintiff had an independent case of fraud for which he had made his own pleadings----Obviously, it could not have been decided by DRT---- Hence, the question of deciding the same by appellate Tribunal also did not arise---- Therefor, the Trial Court had not committed any jurisdictional error in rejecting the prayed of petitioner for holding the suit of plaintiff as not maintainable.*

ઉપરોકત ચુકાદામાં નામ.હાઈકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ફ્રોડ સંબંધેની કાર્યવાહી કરવાની સત્તા સીવીલ કોર્ટને રહેલ છે. આમ હાલના કામે વાદીનું જે પક્ષ નિવેદન છે તે ધ્યાને લેતાં વાદીએ ફ્રોડ સંબંધેનું પક્ષનિવેદન કરેલ છે અને ફ્રોડ સંબંધેની ન્યાયીક નિર્ણય કરવાની સત્તા સીવીલ કોર્ટને રહેલ છે.સદર કામે વાદી તરફે જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તે માર્ક ૩/૧,૩/૨ તથા ૩/૩ ધ્યાને લેતાં દાવાવાળી મિલકત હાલમાં વાદી કંપનીનાં નામે ચાલે છે.માર્ક ૩/૧૯ થી રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતાં તેમા પ્રતિવાદી નં.૩ ને સંબોધીને પત્ર લખેલ છે અને તેમા તા.૨૨/૦૬/૨૦૦૮ નાં રોજનાં ઠરાવનો ઉલ્લેખ છે અને તે ઠરાવ મુજબ ચાકીમા ફીલ્ટર્સનુ રાજપીપળાની મિલકત સીકયુરીટી માટે કેનરા બેંકમાં આપવાનો જે ઠરાવ થયેલો તે ઠરાવ રદ કરતો ઠરાવ કરવામાં આવેલાનો ઉલ્લેખ થયેલ છે અને તે પત્ર તા.૧૦/૦૭/૨૦૦૮ ના રોજનો છે.તેમા વધુમાં જણાવેલ છે કે હાલમાં એન.વી.સી.એલ.નાં બોર્ડ ધ્વારા રાજપીપળાની મિલકત ઉપર કોઈ ગીરો કરવાની સત્તા આપેલ નથી.માર્ક ૩/૬૧ થી કંપની લો બોર્ડનું જજમેન્ટ રજુ થયેલ છે. તેના પારા–૩૪ માં પીટીશનર કે જે હાલના પ્રતિવાદી નં.૩ તે કામમાં હતા તેમને તા.૦૩/૦૯/૨૦૦૯ ના રોજ એડી.ડીરેકટર તરીકે દુર કરવામા આવેલાની હકીકત પ્રતિવાદી નં.૩ નાંએ જ દલીલમાં જણાવેલ છે.આમ,આ દસ્તાવેજ ધ્યાને લેતાં તા.૦૩/૦૯/૨૦૦૯ નાં રોજથી પ્રતિવાદી નં.૩ નાંને એડી.ડીરેકટર પદેથી દુર કરવામા આવેલાનું હાલના તબકકે જણાય આવે છે.જયારે પારા–૪૧ માં એવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે પીટીશનરને કંપનીના ડાયરેકટર તરીકે કોઈપણ સમયે નિમવામા આવેલા તે પુરવાર કરવામાં પીટીશનર નિષ્ફળ નિવડેલ છે. પ્રતિવાદી નં.૩ નાઓ વાદી કંપનીમાં એડી.ડાયરેકટર તરીકે હતા પરંતુ તેઓને સને–૨૦૦૯ માં એડી.ડાયરેકટર પદેથી છુટા કરવામાં આવેલ છે અને તેઓ કોઈપણ સમયે ડીરેકટર હતા તેવું પુરવાર થયેલ ન હોવાનું તારણ કાઢવામાં આવેલ છે.હાલનાં કામે માર્ક ૩/૨૨ થી મેમોરેન્ડમ ઓફ ટાઈટલ ડીડસ રજુ થયેલ છે તે તા.૦૩/૦૮/૨૦૧૦ નાં રોજનું છે અને તેમા મોર્ગેઝર તરીકે વાદી કંપનીના ડીરેકટર તરીકે પ્રતિવાદી નં.૩ નાએ કરી આપેલાનું દર્શાવેલ છે.જયારે માર્ક ૩/૨૪ તથા

૩/૨૫ થી દાવાવાળી મિલકતનાં વેચાણ દસ્તાવેજ રજુ થયેલ છે.તેમા વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નં.૩ ને વાદી કંપનીના ડીરેકટર તરીકે દર્શાવેલ છે.અને આ બંને દસ્તાવેજ તા.૨૬/૦૫/૨૦૧૦ નાં રોજનાં છે.આમ આ બંને દસ્તાવેજો ધ્યાને લેતાં માર્ક ૩/૬૧ વાળા દસ્તાવેજમાં સ્થાપિત કર્યા મુજબ એડી.ડીરેકટર તરીકે છુટા કર્યા બાદનાં છે અને માર્ક ૩/૬૧ પ્રસ્થાપિત કર્યા મુજબ પ્રતિવાદી નં.૩ કોઈપણ સમયે વાદી કંપનીના ડીરેકટર હતા તેવું પ્રતિવાદી નં.૩ પુરવાર કરી શકેલ નહી.આમ ઉપરોકત બંને દસ્તાવેજો ધ્યાને લેતાં હાલના તબકકે એવું જણાય આવે છે કે પ્રતિવાદી નં.૩ ડીરેકટર ન હોવા છતા અને તેમણે એડી.ડીરેકટર પદેથી દુર કર્યા બાદ પણ ડીરેકટર તરીકે વેચાણ દસ્તાવેજ કરેલાનું હાલના તબકકે જણાય છે.વાદીએ સને–૨૦૧૦ થી આ કામના પ્રતિવાદી નં.૩ તથા અન્ય વિરૂધ્ધ ફોજદારી તથા દિવાની રાહે કાર્યવાહી કરેલ છે.જે માર્ક ૩/૪૯ થી ૩/૫૬,૩/૬૦ તથા ૩/૭૧ થી ૩/૭૮ વાળા દસ્તાવેજોથી જણાય આવે છે.જે હાલમાં પેન્ડિંગ છે.જે હકીકત વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો ઉપરથી જણાય આવે છે.આ ફોજદારી તથા દિવાની કાર્યવાહી વાદીએ ફ્રોડ સંબંધે પ્રતિવાદી નં.૩ વિરૂધ્ધ કરેલ છે. આમ વાદી સ્પષ્ટપણે ફ્રોડ સંબંધેનો કેસ લઈને અત્રેની કોર્ટ સમક્ષ આવેલા છે.વધુમાં તે હકીકત નિર્વિવાદ છે કે,સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી નો ન્યાયીક નિર્ણય કરતી વખતે અદાલતે વાદીની દાવા અરજી તથા સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ જ ધ્યાને લેવાનાં હોય છે.પરંતુ આ કામના પ્રતિવાદીએ હાલની અરજી આપેલ છે તેમા Securitisation Act અન્વયે કાર્યવાહી થયેલ છે અને ડી.આર.ટી. સમક્ષની કાર્યવાહીમાં વાદીની તરફેણમાં કોઈ હુકમ કરવામા આવેલ ન હોવાની હકીકત જણાવેલ છે. જે હુકમની નકલ હાલના કામે રજુ કરવામાં આવેલ છે તે હુકમ વંચાણે લેતાં તે હુકમનાં પારા ૩૦,૩૧ તથા ૩૨ માં ડી.આર.ટી.એ પણ સીવીલ કોર્ટનો જે હુકમ આંક–૫ લગત થયેલ છે તે હુકમથી સત્તાને ગ્રાહય રાખેલ છે અને શરતી હુકમ કરેલ છે.અને સ્થાપિત કરેલ છે કે જયાં સુધીસક્ષમ કોર્ટ વેચાણને ટાળે નહી ત્યાં સુધી વેલીડ અને કાયદા ધ્વારા અમલમાં લાવી શકાય. વધુમાં સદર કામે વાદી તરફે નામ.સુપ્રિમ કોર્ટ LAWS(SC) 2022 11 50,Civil Appeal

Nos.8972-8973 of 2014 ની ઓથોરીટી રજુ કરવામા આવેલ છે. જેના પારા ૩૯,૪૦,૪૫ અને ૪૬ માં કરેલ ઓબ્ઝર્વેશન ધ્યાને લેવું જરૂરી છે જે નીચે મુજબ છે.

> ***39.*** *On a plain reading of the provisions, the conclusion reached was that Sec.17 of the RDB Act bars the jurisdiction of the Civil Court Only in respect of applications filed by the bank or financial institution. This provision did not bar the jurisdiction of the Civil Court to try a suit filed by the borrower. There was also an absence of provisions in the act for transfer of suits and proceeding except Sec.31,which relates to pending suit proceeding by a bank or financial institution for recovery of debt.*
>
> ***40.*** *It was noticed that the significant aspect of Ss.17 and 18 of the RDB Act was that even after establishment of the DRT, no jurisdiction had been conferred on it to try independent suits or proceeding initiated by the borrower or others against banks / financial institution. what has been permitted is only a cross-action in the form of a counterclaim by a defendant in the pending application to facilitate a unified proceeding. The most significant aspect considered in this behalf is set out in para 17 extracted above - that a counterclaim in a bank's application before the DRT was not the only remedy, but an option available to the defendant borrower. The borrower was not precluded from filing a separate suit or proceeding before a Civil Court or other appropriate forum, Not Only that, even the bank, in whose application a counterclaim is made, has the option to apply to the DRT to exclude the counterclaim of the defendant while considering its application. If the DRT were to find in the bank's favour, the defendant would have to approach the Civil Court in respect of such excluded counterclaim, as the DRT does not have jurisdiction to try an independent claim against the bank / financial institution.*

***45.*** *We are thus of the view that there is no provision in the RDB Act by which the remedy of a civil suit by a defendant in a claim by the bank is ousted, but it is the matter of choice of that defendant. Such a defendant may file a counterclaim, or may be desirous of availing of the more strenuous procedure established under the Code, and that is a choice which he takes with the consequences thereof.*

***46.*** *The Legislature did not, at any stage, make any further amendment for excluding the jurisdiction of the Civil Court in respect of a claim of a defendant in such a proceeding being filed along with the suit. The Legislature in its wisdom has also not considered it appropriate to bring any amendment to enhance the powers of the DRT in this respect.*

ઉપરોકત ઓથોરીટી વંચાણે લેતા તેમા પણ નામ.સુપ્રિમ કોર્ટે Recovery of Debts Due to Banks and Financial Institutions Act અન્વયેની કાર્યવાહી થયેલ હોય તો પણ જે મુદો ડી.આર.ટી.એ છોડી દીધેલ હોય તો સીવીલ કોર્ટને સત્તા પહોંચતી હોવાનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.હાલનાં કામે ડી.આર.ટી.થી વેચાણને સક્ષમ કોર્ટ ધ્વારા ટાળવામાં ન આવે ત્યાં સુધી મોર્ગેજ કાયદેસરનું અને કાયદા ધ્વારા અમલમાં લાવી શકાય તેવું ઠરાવેલ છે.આમ સદર કામે રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતાં વાદી સ્પષ્ટપણે પોતાનો એવો કેસ લઈને આવેલ છે કે પ્રતિવાદી નં.૩ નાંએ ફ્રોડ કરી દાવાવાળી મિલકત ''ચાકીમા ફીલ્ટર્સ પ્રા.લી.''નાં નામે ટ્રાન્સફર કરાવી લીધેલ છે અને તેના આધારે પ્રતિવાદી નં.૧ પાસેથી લોન મેળવેલ છે અને દાવાવાળી મિલકત તારણમાં મુકેલ છે.આમ કરી પ્રતિવાદી નં.૩ નાએ વાદી સાથે ફ્રોડ કરેલાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે.આ તમામ હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય અને રજુ થયેલ દસ્તાવેજોથી આવી હકીકત હાલના તબકકે જણાય આવેલ હોય ત્યારે અને તેવા સંજોગોમાં અને ફ્રોડ અંગે નામ.ગૌહાટી હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફ્રોડ અંગેની ન્યાયીક કાર્યવાહી કરવાની સત્તા સીવીલ કોર્ટને રહેલ હોય ત્યારે હાલનાં તબકકે વાદીનો દાવો નામંજુર કરી શકાય નહી અને ફ્રોડ

સંબંધે જરૂરી પુરાવો લેવો પડે જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદીની હાલની અરજી મંજુર કરવી વ્યાજબી અને ન્યોયોચીત જણાતી ન હોય, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:– <u>હુ ક મ</u> –:**

આ કામનાં પ્રતિવાદી નં.૧ નાઓની સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો રદ કરવાની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

અરજીનો ખર્ચ દાવાનાં આખરીહુકમને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૨૦ મી,માહે–ફેબ્રુઆરી,સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલત માં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

રાજપીપળા

તા.૨૦/૦૨/૨૦૨૪

(**જનક દેવજીભાઈ સોલંકી**)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
નર્મદા મુ.રાજપીપળા.
જજ કોડ નં. જીજે ૦૦૯૭૯